ભરૂચથી વડોદરા તરફ આવતી રિક્ષાને કિયા ગામના પાટિયા પાસે નડ્યો અકસ્માત, રિક્ષા ચાલક સહિત 4 ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયાં

નેશનલ હાઈવે 48 પર રિક્ષાને પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતા, 5 મુસાફરો ફંગોળાયાં, 16 વર્ષીય સગીરનું મોત

અકસ્માત કર્યા બાદ વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઇ ગયો હોય તેના વિરુદ્ધ ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

નેશનલ હાઈવે 48 પર અકસ્માતોની વણઝા સર્જાઈ રહી છે જેમાં નિર્દોષ ઘણા લોકોના મોત પણ નિપજી રહ્યાં છે. ત્યારે ભરૂચથી વડોદરા તરફ આવી મુસાફર ભરેલી રિક્ષાને પાછળથી આવતા અજાણ્યા વાહન ચાલકો ટક્કર મારતા બાજુના નાળા સાથે રિક્ષા ભટકાઇ હતી. જેમાં રિક્ષા બેઠલા સગીર બાળકો સહિતના મુસાફરો ઉછળીને પટકાયા હતા. જેમાં એક 16 વર્ષીય બાળકનું ઈજા થતા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય 4 લોકોને ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સમાં તેમને સારવાર માટે કરજણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયાં છે.

રાજમહેલ રોડ પર બાઇક સ્લિપ ખાઇ જતા બસને આવી ગઇ, બે ભાઇનો આબાદ બચાવ

વડોદરા શહેરના રાજમહેલ રોડ પરથી બે ભાઇ નવી લીધેલી બાઇક પર પસાર થઇ થઇ રહ્યો હતો. તે દરમિયાન અચાનક બાઇક ટાયર સ્લીપ ખાઇ જતા આગળની ચાલી રહેલા એસટી બેસની નીચે ઘુસી ગઇ હતી. જોકે બે ભાઇ સાઇડ પર પટાકા તેમનો સામાન્ય ઇજાઓ સાથે આબાદ બચાવો થયો હતો.અકસ્માતના પગલે રોડ પર લોકોનો ટોળા ભેગા થઇ ગયા હતા. જેના કારણે ટ્રાફિક ખોરવાઇ ગયો હતો. ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. જોકે અકસ્માતમાં કોઇ જાન હાનિ થવાના પામી ન હતી. બંને ભાઇનો આબાદ બચાવ થતા તંત્રે પણ હાશકારો અનુભવ્યો હતો.

વડોદરા શહેર જિલ્લામાં અકસ્માતનો બનાવોમાં રોજ બરોજ વધારો નોંધાઇ રહ્યો છે. ત્યારે ગઇ કાલે નેશનલ હાઇવે 48 પર અજાણ્યા વાહનની ટક્કરે બે મિત્રોના ઘટના સ્થળ પર મોત નિપજ્યાં હતા. ત્યારે હજુ પણ અકસ્માતના બનાવો ઘટવાનું નામ લેતા નથી. હાઇવે પર બેફામ દોડતા વાહનોનો કારણે અન્ય નિર્દોષ વાહનના ચાલકોનો ભોગવવાનો વારો આવી રહ્યો છે. ત્યારે અકસ્માતમાં મોત થવાના કારણે ઘણા લોકોના ઘરનો કમાઉ દીકરો ગુમાવે છે તો કેટલા લોકોએ પોતાના પિતા, પુત્ર અને મોતા ગુમાવવા પડી રહ્યા છે. ત્યારે 15 ડિસેમ્બરના રોજ નેશનલ હાઇવે 48 પરથી પાલેજથી કરજણ તરફ આવવાના રૂટ પર રામદેવ હોટલ પાસેથી એક રિક્ષામાં પસાર થતા હતા. ત્યારે ત્રણ સગીર બાળકો સહિત પાંચ લોકો બેઠેલા હતા. ત્યારે ચાલક રિક્ષા ચલાવીને કરજણ તરફ આવી રહ્યો હતો. ત્યારે રિક્ષાને પાછલથી અજાણ્યા વાહને ટક્કર મારતા ચાલકનો સ્ટીયરિંગનો કાબૂ જતા સાઇડમાં આવેલા નાળા સાથે રિક્ષા ધડાકા ભેર ભટકાઇ હતી. ત્યારે રિક્ષામાં બેઠલા જાવેદભાઇ (ઉં.વ.46), હિધયત મહેંદવી (ઉં.વ.46)), રિયાન (ઉં.વ. 14), જૈદ (ઉં.વ.10) તથા તજમૂલ (ઉં.વ.16) બેઠલા હોય તેમાંથી 16 વર્ષીય તજમુલ રિક્ષામાં ઉછળીને બાજુમાં આવેલા નાળા(ગટર)માં ખાબક્યો હતો. જેમાં તેને ગંભીર ઈજાઓ થવા સાથે તેનું મોત નિપજ્યું હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ન્યુ વીઆઇપી રોડ પર રહેતા પિતા ગંભીરભાઇના મોતથી 5 સંતાનો નોંધારા બન્યા

વડોદરા : મુંબઈ અમદાવાદ નેશનલ હાઇવે પર વડોદરા શહેર નજીક વાઘોડિયા ચોકડીના બ્રિજ પર અજાણ્યા વાહનની ટક્કરે બે મિત્રોના મોત થયા હતા. ગમખ્વાર અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે બીજાનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતુ. બ્રિજ પર મૃતક યુવકના માસમાં લોચા રઝળતા જોવા મળતા તથા લોહીના ખાબોચિયા ભરાયા જવાના કારણે લોકોમાં અફરાટી ફેલાઇ ગઇ હતી. ત્યારે ગંભીરભાઇના મોતથીપાંચ સંતાનો નોંધારા બન્યા છે. જ્યારે દિલીપભાઇના હાલમાં છુટાછેડા થયા હોય પહેલા માતાનું હવે દીકરીએ પણ પિતાનુ છત્ર ગુમાવ્યું છે. ડભોઇ તાલુકાના સીમળિયા ગામના દિલીપભાઈ અને ગંભીરભાઈ શાકભાજી લેવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન મુંબઈ અમદાવાદ નેશનલ હાઇવે પર વાઘોડિયા બ્રિજ પર જતા હતા ત્યારે અજાણ્યા વાહને તેમના બાઇકને ટક્કર મારી હતી. રોડ પર પટકાવાના કારણે દિલીપભાઇનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું. ગંભીરભાઈને એસએસજી ખસેડતા ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ત્યારે અકસ્માતમાં મોતને ભેટનાર દિલીપભાઈ ઝવેરભાઈ વસાવા (ઉં.વ.૩૪, રહે. હાલ મજદા એજન્સી, સરદાર એસ્ટેટ, વડોદરાર, મૂળ રહે. સિમડીયા ગામ વસાવા ફળિયું, તા. ડભોઈ) છે. ગંભીરભાઈ ભરતભાઈ નાયક (ઉં.વ. 52, રહે. મારુતિનગર-2, મુખીનગર સામે, ન્યૂ વી.આઈ.પી. રોડ, વડોદરા) ગંભીર ભાઈ તેમની પત્ની, ત્રણ દીકરીઓ અને બે દીકરા સાથે રહેતાં હતા. જેથી પિતાના મોતના કારણે પાંચ બાળકે પિતા ગુમાવતા તેઓ નોંધારા બની ગયા છે.

ભાયલી વિસ્તારમાં આરોપીએ યુવકને મોત ઘાટ ઉતાર્યો હતો

હત્યાના ગુનાના આરોપીની રેગ્યુલર જામીન અરજી મેજિસ્ટ્રેટ દ્વારા નામંજૂર

આરોપી છેલ્લા ચારેક મહિનાથી વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપ છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ભાયલી વિસ્તારમાં આવેલા ફ્લેટમાં વાહન પાર્કિંગ કરવા મુદ્દે યુવકને મોતને ઘાટ ઉતારનાર આરોપીએ જેલમાંથી રેગ્યુલર જામીન અરજી રજૂ કરી હતી. પરંતુ મેજિસ્ટેટ દ્વારા આ જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે. વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલા ધ એરોઝ ઈન્ફ્રા ફ્લેટમાં રહેતો અક્ષય તેના મિત્ર સાથે ઘર આવ્યો હતો.

ત્યારે રહેતા સુશીલકુમાર રાજેન્દ્ર પ્રસાદ સિંઘે ગત 3 ઓગષ્ટ 2025ના રોજ તેમના ફ્લેટના પાર્કિંગમાં વાહન મુકવા મુદ્દે અક્ષય સાથે ઝઘડો કર્યો હતો. દરમિયાન લોકો ભેગા થઈ જતા તેમને છુટા પાડ્યાં હતા. ત્યારે તેની અદાવત રાખી ફરી શુશીલકુમાર સિંઘે ફરી અક્ષય સાથે પાર્કિંગમાં ઝઘડો કર્યો હતો અને ચાકુના ઉપરાછાપરી ઘા ઝિંકીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેથી અક્ષયના નાના ભાઈએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતી હતી. ત્યારે પોલીસ દ્વારા હત્યાના ગુનામા આરોપી સુશિલકુમાર સિંઘની ધરપકડ કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામા આવ્યો હતો.

ત્યારે હાલમાં આરોપી જેલમાં હોય ત્યારે બહાર આવવા માટે વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી રજૂ કરાવી હતી. જેના સુનાવણી 12 ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. ત્યારે આરોપીના વકીલ તથા સરકારી વકીલ દ્વારા કરાયેલા ધારદાર દલીલો કરવામાં આવી હતી. જેનો કેસ 8મા એડિશ્નલ સેશન્સ જજ ડી કે સોનીની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યારે બંને વકીલોની દલીલોને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરાઈ હતી.આમ કોર્ટના આ કડક નિર્ણયથી ગુનાખોરોમાં ફફડાટની લાગણી વ્યાપી ગયેલી જોવા મળી હતી.

એકબીજા સાથે બોલાચાલી કરતા મામલો બિચક્યો

વડસર બ્રિજ ઉપર બે બાઈક વચ્ચે સામાન્ય અકસ્માતમાં ટ્રાફિક જામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના વડસર બ્રિજ ઉપર આજે બે બાઈક સવારો વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો. અકસ્માતમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નહોતી, પરંતુ ઘટનાના તરત બાદ બંને બાઈક સવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી.અકસ્માત બાદ એક બાઈક સવાર દ્વારા "ચાલ બેસી જા, તારી પટ્ટી કરાવી દઉં" જેવી ધમકીભરી ભાષા વપરાતા પરિસ્થિતિ વધુ તંગ બની હતી. રસ્તા પર ચાલતી આ બોલાચાલી અને તમાશાને કારણે પાછળથી આવતા વાહનચાલકો પણ થંભી ગયા હતા.બોલાચાલી દરમ્યાન એક બાઈક સવાર દ્વારા બીજા બાઈક સવારની બાઈકની ચાવી કાઢી લેવામાં આવતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો. બંને વચ્ચે શાબ્દિક ઘર્ષણ વધી જતા બ્રિજ ઉપર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. વડસર બ્રિજ જેવા વ્યસ્ત માર્ગ પર બનેલી આ ઘટનાને કારણે થોડા સમય માટે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. આ માથાકૂટના કારણે બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

થોડા સમયની બોલાચાલી અને માથાકૂટ બાદ બંને બાઈક સવારો વચ્ચે મામલો થાળે પડ્યો હતો. જોકે, નજીવા અકસ્માત બાદ થયેલી આ ઘટના ટ્રાફિક વ્યવસ્થા અને વાહનચાલકોના ધીરજના અભાવ પર ફરી એકવાર સવાલ ઊભા કરે છે.

કચરો સડી જતા સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ, પર્યાવરણને નુકસાન

નવલખી મેદાનના કૃત્રિમ તળાવમાં ભારે ગંદકી સાથે અસહ્ય દુર્ગંધ ફેલાઈ

પાલિકાની બેદરકારીથી શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના નવલખી મેદાન ખાતે તૈયાર કરાયેલા કૃત્રિમ તળાવમાં પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. શ્રીજી તથા દશામાની પ્રતિમાઓના વિસર્જન માટે બનાવવામાં આવેલા આ તળાવમાં લાંબા સમયથી યોગ્ય સફાઈ ન થતાં ગંદકી, કચરો અને દુર્ગંધ ફેલાઈ છે, જેના કારણે શ્રદ્ધાળુઓની આસ્થા અને લાગણીઓને ઠેસ પહોંચી રહી છે.

લાકડાં અને ફૂલોનો કચરો તળાવમાં પડ્યો

નવલખી કૃત્રિમ તળાવમાં શ્રીજી વિસર્જન બાદ લાકડાં, ફૂલો સહિતનો કચરો પાણીમાં તેમજ તળાવની બહાર છૂટો પડેલો જોવા મળી રહ્યો છે. આ કચરો સડી જતા સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે અને પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યું છે.

સ્થાનિક નાગરિકોમાં ભારે અસંતોષ

તળાવની હાલતને લઈને સ્થાનિક નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. એક તરફ વડોદરા મહાનગર પાલિકા શહેરના તળાવોના બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, જ્યારે બીજી તરફ વિસર્જન બાદ કૃત્રિમ તળાવોની યોગ્ય સંભાળ લેવામાં સંપૂર્ણ નિષ્ક્રિયતા દાખવી રહી છે.

તાત્કાલિક પગલાં લેવાની માંગ

સ્થાનિક લોકોએ વડોદરા મહાનગર પાલિકાને અપીલ કરી છે કે શ્રદ્ધાળુઓની લાગણીઓને માન આપીને તાત્કાલિક કૃત્રિમ તળાવની સફાઈ, કચરાનો યોગ્ય નિકાલ અને દુર્ગંધ નિવારણ માટે જરૂરી પગલાં લેવામાં આવે, જેથી પર્યાવરણનું રક્ષણ થાય અને ધાર્મિક આસ્થાનું સન્માન જળવાઈ રહે.

ચોરની હિંમત તો જુઓ, પોલીસનો ભય જ નથી

ધોળા દિવસે ઘર પાસે પાર્ક કરેલી બાઈક ચાલુ કરી ચોરી ગયો

વડોદરાની છેવાડે આવેલા તલસટ ગામે બાઈક ચોરી કરનાર ગઠિયો સીસીટીવી કેમેરામાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

પાદરામાં આવેલી સર્વોદય એક સોસાયટીમાં રહેતા સુરેશભાઈ રણછોડભાઈ પંચાલ મિસ્ત્રી કામ કરીને પરિવારનો ગુજરાન ચલાવે છે. દરમિયાન રવિવારના રોજ તેઓ 10:30 વાગ્યાની આસપાસ તલસટ ગામે રહેતા સુખદેવભાઈ ઠાકોરના ઘરે મંદિર બનાવવાનું હોય ત્યાં ગયા હતા. ઘરની બહાર તેઓએ બાઈક પાર્ક કરી હતી અને કામ કરવા માટે ગયા હતા. દરમિયાન એક થી દોઢ વાગ્યા સુધીમાં તેઓ જમવા માટે ઘરની બહાર નીકળ્યા હતા ત્યારે બાઈક સ્થળ પર જોવા મળી ન હતી. સુરેશભાઈએ આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો. જેથી તેઓએ સુખદેવભાઈ ઠાકોરના ઘરે લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. ત્યારે બપોરના 1:00 વાગ્યાના અરસામાં એક શખ્સ આવ્યો હતો.

અને તેમની બાઈક દોરીને આગળ લઈ ગયા બાદ ધોળા દિવસે બાઈક ચાલુ કરી ચોરી કરી રફૂચક્કર થઈ જતો કેમેરામાં કંડારાઈ ગયો હતો. જેથી સુરેશભાઈએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી છે. ત્યારે સીસીટીવી કેમેરાની ફૂટેજના આધારે પોલીસે પણ આ બાઈક ચોર ગઠીયાને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

કાઉન્સિલ દ્વારા 18 જાન્યુઆરી સુધી આ પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ

ઈજનેરી-ટેક્નિકલ કોર્સમાં બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા મુદ્દે અસમંજસ

પ્રવેશ સહિતની મંજૂરી આવ્યા બાદ સમિતિ દ્વારા સત્તાવાર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

એઆઈસીટીઇ દ્વારા વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે રાજ્યમાં પણ બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે કાઉન્સિલ દ્વારા 18 જાન્યુઆરી સુધી આ પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે. રાજ્યમાં હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આગામી દિવસોમાં જાહેરાત કરવામાં આવશે કે કેમ તેની પણ દ્વિધા જોવા મળી રહી છે. સેન્ટ્રલ બોર્ડ અને કેટલાક રાજ્યોના સ્થાનિક એજ્યુકેશન બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12 માં વર્ષમાં બે વખત પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં બે વખત પરીક્ષા લેવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં કાઉન્સિલની સૂચના પ્રમાણે રાજ્યમાં પણ બે વખત પ્રવેશ પ્રક્રિયા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે કાઉન્સિલ દ્વારા આગામી 18મી જાન્યુઆરી સુધીમાં બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની સ્પષ્ટતા કરવામાં આવી છે. આ સ્થિતિમાં રાજ્યમાં પણ આ સમય મર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે. જોકે હજી સુધી પ્રવેશ સમિતિ દ્વારા બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયાને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ત્યારે હાલમાં પ્રક્રિયા કેવી રીતે કરવી તેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આમ હવે આગામી એક માસની અંદર બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી પડે તેમ છે. જોકે રાજ્યભરમાં પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સરકારી કોલેજોમાં ખાલી પડેલી બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. જે કોર્સમાં 30 ટકાથી વધારે બેઠકો ખાલી હોય તેવા કોર્સ જ બીજા તબક્કામાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઓફર કરવામાં આવશે.

ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જાહેર કર્યો

વડોદરાવાસીઓ માટે તક: 18મીથી વર્ષના અંત સુધી મતદાર યાદીમાં નામાંકન કરાવી શકાશે

આખરી યાદી 11 ફેબ્રુઆરી, 2026ના રોજ પ્રસિદ્ધ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

ભારતનાં ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા મતદાર વિભાગોની મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વિશેષ ઝુંબેશ માટેનું સત્તાવાર સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મતદાર યાદીને ચોક્કસ, ભૂલરહિત અને અદ્યતન બનાવવાનો છે, જેથી લોકશાહી પ્રક્રિયા વધુ મજબૂત બની શકે. મતદાર યાદી સુધારણા પ્રક્રિયાનો પ્રારંભ તા. 18 ડિસેમ્બર, 2024ના રોજ મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ સાથે થશે. મુસદ્દો જાહેર થતા જ નાગરિકો પોતાના નામ, સરનામા કે અન્ય વિગતોમાં સુધારા કરવા માટે હકક દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકશે. તા. 18 ડિસેમ્બર, 2024 થી તા. 01 જાન્યુઆરી, 2026 સુધી મતદારો પોતાના હકક દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકશે. ખાસ કરીને તે યુવાનો, જેમની ઉંમર તા. 01 જાન્યુઆરી, 2026ની સ્થિતિએ 18 વર્ષ પૂર્ણ થતી હોય, તેઓ આ સમયગાળામાં પોતાના નામ મતદાર યાદીમાં નોંધાવી શકશે. હકક દાવાઓ અને વાંધા અરજીઓ મળ્યા બાદ, ચૂંટણી અધિકારીઓ દ્વારા તેની ચકાસણી અને નિકાલ કરવામાં આવશે. નોટિસ ઇશ્યૂ કરવી, સુનાવણી લેવી તથા સ્થળ ચકાસણી જેવી તમામ પ્રક્રિયાઓ EROs દ્વારા તા. 18 ડિસેમ્બર, 2024 થી તા. 10 ફેબ્રુઆરી, 2026 સુધી હાથ ધરવામાં આવશે.

વિદ્યાર્થીઓને હાર્ડ કોપીમાં આઈડી કાર્ડ ન મળતા એનએસયુઆઈનો વિરોધ

પાંચ દિવસમાં ઉકેલ ન આવે તો VCની ઓફિસને તાળાબંધી કરવાની ચીમકી

આઈડી કાર્ડ બનાવેલા છે, વિદ્યાર્થીઓના લોગીનમાં ઉપલબ્ધ છે, માત્ર પ્રિન્ટ કાઢી ઉપયોગ કરવાનો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)માં છેલ્લા પાંચ વર્ષથી વિદ્યાર્થીઓને હાર્ડ કોપીમાં આઈડી કાર્ડ આપવામાં આવતા નથી, જ્યારે દર વર્ષે આઈડી કાર્ડના નામે નિયમિત ફી વસૂલવામાં આવે છે એવો આક્ષેપ કરી વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આઈડી કાર્ડ પરીક્ષા દરમિયાન ઓળખ, યુનિવર્સિટી પ્રવેશ, સરકારી સ્કોલરશીપ, તેમજ વિવિધ શૈક્ષણિક અને વહીવટી કામગીરી માટે અનિવાર્ય દસ્તાવેજ છે. તેમ છતાં હાર્ડ કોપી આઈડી કાર્ડ ન મળતા વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે.

આઈડી કાર્ડના અભાવને કારણે યુનિવર્સિટી કેમ્પસમાં યોગ્ય ઓળખ ચકાસણી થતી નથી, જેના કારણે બહારના અસામાજિક તત્વો સરળતાથી પ્રવેશ મેળવી રહ્યા હોવાનું વિદ્યાર્થીઓનું કહેવું છે. છેલ્લા કેટલાક સમયથી છેડતી, મારામારી અને અશાંતિની ઘટનાઓમાં વધારો થયો હોવાનું જણાવાઈ રહ્યું છે, જે વિદ્યાર્થીઓની સુરક્ષા માટે ગંભીર ચિંતા જનક બાબત છે. આ મુદ્દે એનએસયુઆઈના આગેવાન સુઝાન લાડમેનની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓ હેડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન પહેલેથી જ પોલીસ બોલાવવામાં આવી હોવાની સ્થિતિ સર્જાઈ હતી. બીજી તરફ, યુનિવર્સિટીની અન્ય ઓફિસ બહાર વિદ્યાર્થીઓ અને વિજિલન્સ સ્ટાફ વચ્ચે શાબ્દિક ટપાટપી પણ જોવા મળી હતી. વિદ્યાર્થી આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે વાઇસ ચાન્સેલરને વિદ્યાર્થીઓ પાસેથી આઈડી કાર્ડના નામે વસૂલાતી રકમ અંગે કોઈ સ્પષ્ટતા નથી. એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટી પ્રશાસનને પાંચ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

45 દિવસમાં નફા સાથેની રકમ એકાઉન્ટમાં જમા થશે તેવી લાલચ આપી હતી

ઓનલાઈન વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદ કરાવ્યાં બાદ રૂપિયા ખાતામાં જમા નહી કરાવી ઠગાઈ

માંજલપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા મધુનગર રોડ પર આમીનાપાર્ક સોસાયટીમાં રહેતા ઈર્શાદ અહેમદ મો.ઈઝાહર પઠાણે પોલીસ ફરિયાદ નોધાવી છે કે હું તથા મારો ભાઈ સાથે મળી ફેબ્રીકેશનનું કામ કરી છીએ. મને તથા મારા ભાઈ સમસાદ અહમ ઈઝહારખાન મુમ્તાઝખાન પઠાણને એબીસ, જલ્પેશ ભટ્ટ તથા જયેશ મકવાણાએ એમવીએમએલ એપ્લીકેશનમાં જોડાવવા માટે મારા ભાઈના મોબાઈલમાં વોટ્સએપ મારફતે એક APK ફાઈલ મોકલી હતી. જેમાં જોડાવવા માટે યુઝર આઈડી પાસવર્ડ બનાવડાવી આપ્યાં હતા. જેમાં લોગીન કરવા માટે મારૂ યુઝર આઈ તથા પાસવર્ડ લખી એપ્લીકેશન શરૂ કરી હતી. તેઓએ પર્ફ્યુમ તથા રીંગ ખરીદ કરવા માટે જણાવ્યું હતું. જે પૈકીની જાહેરાત આપી તેનું વેચાણ કરવા બાબતે ગ્રુપમાં મેસેજ કરતા મે આ એપ્લિકેશનમાંથી વર્ચ્યુલ પ્રોડક્ટ ખરીદવા માટે મે મારી બેન્કમાંથી રૂપિયા 97 હજાર ટ્રાન્સફર કર્યાં હતા. જેથી મે મારા એકાઉન્ટમાંથી એલવીએમએસ એપ્લીકેશનમાં રોકાણ કરી વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદ કરી હતી અને એલીસના મેસેજ પ્રમાણે 41 અને 45 દિવસમાં નફા સાથેની રકમ તમારા ખાતામાં જમા થશે. તેમજ 72 અથવા 76 કલાકમાં રૂ.100થી થી વધુ તમને નફો મળતો હોય તમે વિડ્રો કરી શકો છો. વિડ્રો કરવા જતા બેન્ક પ્રોસેસીંગ એવું લખાઈને આપતુ હતુ પરંતુ અમારા ખાતામાં રૂપિયા આવતા ન હતા. 41 અને 45 દિવસના સમયગાળા દરમ્યાન પણ અમારા ખાતામાં રૂપિયા જમા થયેલ ના હોય અને મારા ભાઈ સમસાદ અહમદ ઈઝહારખાન મુસ્તાઝખાન પઠાણ પણ તેઓના મોબાઈલમાં જયેશભાઈ મકવાણાએ વોટ્સએપ મારફતે એક એપીએક હાઈલ મોકલી એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવી તેમાં આશરે રૂ:2.50 લાખ નું વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદ કરાવેલ હોય તેમ છતાં 45 દિવસના સમયગાળા દરમ્યાન પણ મારા ભાઈના ખાતામાં રૂપિયા જમા નહી કરી અમારી સાથે છેતરપિંડી આચરી છે.

અંકોડિયા મર્ડર કેસ : હત્યારા અને પ્રેમિકાના રિમાન્ડ પૂરા થતા કોર્ટમાં રજૂ કરાશે

હત્યારા સાથે ફોન પર વાતો કરી હોય મૃતકની મોટી બેહનનો સ્પેક્ટો ગ્રાફી ટેસ્ટ કરાવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

ગોરવા વિસ્તારમાં રહેતી મોટી બહેન દ્વારા નાની બહેનનો રૂપિયા 40 લાખનો વીમો પકવવા માટે તેમના પ્રેમી સાથે નાની બહેનની હત્યા કરાવી દીધી હતી. ત્યારે પોલીસે હત્યાર આરોપી તથા તેની પ્રેમિકાના રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે પ્રેમીકાએ હત્યાના સમયે આરોપી સાથે વાત કરી હોય તેના અવાજની ખાતરી કરવા માટે સ્પેક્ટોગ્રાફી ટેસ્ટ કરાવાશે. આજે બંને રિમાન્ડ પુરા થતા હોય તેમને પોલીસ જાપ્તા સાથે કોર્ટમાં રજૂ કરાશે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી આમ્રપાલી સોસાયટીમાં રહેતા ફિરાજાબાનું દિવાને પોતાના નાની બહેનનો રૂપિયા 40 લાખનો વીમો ઉતાર્યો હોય તેની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. ત્યારબાદ ફિરોજાબાનુંએ તેના પ્રેમીને તેની નાની બહેનનું મર્ડર કરશે તો તેનાવીમા રકમ પાકશે જે રકમ આપણને મળશે તેવી લાલચ આપી હતી. ત્યારબાદ ગત 9 ડિસેમ્બરના રોજ મોટી બહેન ફિરાઝાબાનુનો પ્રેમી રમીઝ રાજા મૃતક અજીઝાબાનું ઈશ્રમકાર્ડ કાઢી આપવાનું કહીને ગોરવા વિસ્તારમાંથી બાઇક પર બેસાડી અંકોડા વિસ્તારમાં લઇ ગયો હતો. ત્યારબાદ ત્યાં તેના દુપટ્ટાથી ગળે ટુપો આપીને અજીજાબાનુંને મોતને ઘાટ ઉતારી દીધી હતી ત્યારે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને રમીઝ રાજાને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેની પ્રેમીકા અને હત્યા કરવાનાર ફિરોજાબાનુની ધરપકડ કરી લીધી હતી. બંને આરોપીને પોલીસે વધુ પુછપરછ કરવા માટે રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે હત્યાર આરોપીને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવાયું હતું

વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ઉહાપોહ મચ્યો

ઉંડેરામાં સામાન્ય બાબતે યુવક તેની પત્નીને ભાભી સાથે મારામારી કરી

મહિલાના વૃધ્ધ સાસુ સસરા ધક્કા મુક્કીમાં પડી જતા તેમને ઇજાઓ પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

ઉંડેરા વિસ્તારમાં આવેલું સોસાયટીમાં એતો યુવક અને પત્ની તથા ભાભી પાડોશી મહિલાની પુત્રી, ભાણેજ તથા સાસુ સસરાને તમે અમારી વાતો કેમ કરો છો તેમ કહી તેમ કહી મારામારી કરી હતી. ત્યારબાદ સામા પક્ષના લોકોએ પણ તેમની સાથે જપાજપી કરવા લાગ્યા હતા. તેમાં હું તને વૃદ્ધા પડી જતા તેમને એ જવાબ પણ આપી હતી. આ મારા મારી નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. પોલીસે ઘટના સ્થળે આવી મારામારી કરનાને પોલીસ સ્ટેશન પર લઈ ગઈ હતી પરંતુ ત્રણ લોકો સામે કોઈ કોઈ કાર્યવાહી નહીં કરી હોવાનો પાડોશી મહિલા આક્ષેપ કર્યો છે. વડોદરા શહેરના ઉંડેરા વિ